**Summary.No. 55/2025**
**Visavadar Police Station.11203070250163/2025**

**આંક – ૧ લગત હુકમ**

સમરી તથા સાથે રજુ રેકર્ડ વંચાણે લીધુ.

જે મુજબ તા. ૧૭–૦૪–૨૦૨૫ ના કલાક ૨૧.૩૦ વાગ્યાના અરસામાં વિસાવદર તાલુકાના ઢેબર ગામ પાસે રોડ પર આ કામના ફરીયાદી તથા સાહેદ તેઓનું ડીલક્ષ મોટર સાયકલ જેના રજી નં. GJ-11-CA-5081 વાળુ લઈ અને પોતાના ગામથી જાંબુડા ગામ તરફ જતા હતા જે મોટર સાયકલ ફરીયાદી ચલાવતા હતા તથા સાહેદ પાછળ બેઠા હતા તે દરમ્યાન એક અજાણ્યા મોટર સાયકલના ચાલકે પાછળથી ઠોકર મારી અને મોટર સાયકલ પાછળ બાંધેલ ખાટલો સાહેદને માથાના ભાગે અડી જતા આ કામના ફરીયાદી તથા સાહેદ નીચે પડી જતા તેઓને શરીરે ગંભિર ઈજાઓ થતા આ અજાણ્યા વાહન ચાલક સામે ભારતિય ન્યાય સંહીતા(૨૦૨૩)ની કલમ–૨૮૧,૧૫(એ) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ તથા ૧૩૪ મુજબની ફરીયાદ થતા અને તપાસ દરમ્યાન આ અજાણ્યા ઈસમનો ખંત અને કાળજીપુર્વકના

પ્રયત્નો કરતા સદર કામે આજદિન સુધી આ અજાણ્યા વાહન ચાલકના નામ–સરનામા બાબતે કોઈ ફળદાયી હકીકત જાણવા મળેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આ અજાણ્યા ઈસમની મળી આવવાની સંભાવના ઓછી હોય સદર કામે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ ચાલુ રાખવાની શરતે **अ** –પડત સમરી મંજુર કરવા અરજ કરેલ છે.

પોલીસ તપાસના પેપર્સ તથા રજુ સમરી વંચાણે લેતા હાલના ગુનાના આરોપી નજીકના ભવિષ્યમાં મળે તેવી કોઈ શકયતા ન હોય, તપાસ દરમ્યાન પણ કોઈ ફળદાયી હકીકત મળી આવતી ન હોય, તપાસ ચાલુ રાખવાની શરતે હાલની આ વર્ગ **अ –પડત– સમરી** મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮–૦૮–૨૦૨૫ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

હુકમની એક નકલ ત.ક.અ.શ્રીને જાણ સારુ મોકલી આપવી.

વિસાવદર.
તા.૦૮/૦૮/૨૦૨૫.

(ભાવિક એચ.ભટ્ટ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
**વિસાવદર.**(GJ01522)